Letter No: LCO/0406/10/2023 Dt: 19-10-2023

શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોકનં-૧૧,૧૨,૧૪, બીજો માળ,ઉધોગભવન,
સેક્ટર-૧૧,ગાંધીનગર-૩૮૨૦૧૧,
Email: asc-bgact-labour@gujarat.gov.in

ક્રમાંક:શ્ર.આ/શા.7(5)/PBA/2022-23/

**વિષય:- સને ૨૦૨૨-૨૩ના વર્ષના બોનસની ચૂકવણી બાબત.**

## પરિપત્ર

(૧) આથી તમામ ક્ષેત્રીય અધિકારીઓને જણાવવાનું કે, રાજ્યમાં આવેલ ઔધોગિક એકમો તથા સંસ્થાઓમાં શ્રમયોગી/કર્મચારીઓને બોનસ ચૂકવવાની કામગીરી દિવાળીના તહેવાર પૂર્વે શરૂ કરવામાં આવે છે અને દિવાળી સુધી ચાલતી હોય છે. આથી, તમામ ક્ષેત્રીય અધિકારીઓને પોતાના કાર્ય વિસ્તારમાં આવેલ ઔધોગિક એકમો તથા સંસ્થાઓમાં સને ૨૦૨૨-૨૩ ના વર્ષના બોનસ ચૂકવણીની કામગીરી પર ચાંપતી નજર રાખવા જણાવવામાં આવે છે.

(૨) ઔધોગિક એકમો તથા સંસ્થાઓમાં બોનસની ચૂકવણી અંગે માલિકોના મંડળો તથા શ્રમયોગીઓના મંડળો સાથે સતત સંપર્કમાં રહેવા પણ જણાવવામાં આવે છે.

(૩) ઉપરાંત પોતાના વિસ્તારમાં આવેલા ૧૦૦ કે તેથી વધુ શ્રમયોગી રોકતા, મોટા ઉધોગો, એકમોમાં બોનસની ચુકવણી બાબતે કોઇ પ્રશ્ન, વિવાદ કે શ્રમ પરિસ્થિતિ ઉભી થવાની સંભાવના હોય તેવા કિસ્સાઓમાં તાત્કાલિક અગાઉથી જ અસરકારક દરમિયાનગીરી કરી મજૂર પરિસ્થિતિ ન ઉદભવે અને તમામ શ્રમયોગીઓને બોનસની ચૂકવણી થાય તેવી તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

(૪) રાજ્યના તમામ ક્ષેત્રીય સરકારી શ્રમ અધિકારીઓને જણાવવામાં આવે છે કે, તેમના કાર્યક્ષેત્રમાં આવેલ ઔધોગિક એકમો તથા સંસ્થાઓમાં ચૂકવવામાં આવેલ બોનસની માહિતી <u>તા.૨૫/૧૦/૨૦૨૩</u> ના રોજથી આ સાથે સામેલ નિયત પત્રકમાં (Excel શીટમાં) દરરોજ વિભાગીય નાયબ શ્રમ આયુક્તશ્રીને મોકલવા અને તમામ નાયબ શ્રમ આયુતશ્રીઓએ સંપૂર્ણ ચકાસણી કરી પોતાના વિભાગની માહિતી સંકલિત કરી આ સાથે નિયત પત્રકમાં જિલ્લાવાર રોજે રોજ આ કચેરીને સાંજના પાંચ વાગ્યા સુધીમાં અચૂક અત્રે **<u>Email-ID: asc-bgact-labour@gujarat.gov.in</u>** ઉપર મોકલી આપવા જણાવવામાં આવે છે. ("શૂન્ય" હોયતો શૂન્ય માહિતી પણ મોકલી આપવી ફરજિયાત છે.)

(૫) જે તે જિલ્લા અધિકારી અલગ-અલગ માહિતી ન મોકલે તેવી તકેદારી રાખી તે અંગે સૂચના સંબંધિતોને આપવા તમામ વિભાગીય નાયબ શ્રમ આયુક્તશ્રીઓને જણાવવામાં આવે છે. એટલું જ નહિં, સદરહુ માહિતી નિયમિત રીતે CM ડેશબોર્ડ ઉપર રજુ કરવા માટે મોકલવાની રહે છે. જેથી આ સાથેના નિયત નમૂનામાં જ માહિતી અચૂક મોકલી આપવા તમામ વિભાગીય નાયબ શ્રમ આયુક્તશ્રીઓને જણાવવામાં આવે છે.

(૬) બોનસ ચૂકવણી બાબત શ્રમ પરિસ્થિતિ ઉપસ્થિત થાય તો શ્રમ પરિસ્થિતિ અંગેના નિયત ફોર્મમાં અત્રેની કચેરીની શાખા-૯ ને તે અંગે માહિતી મોકલી આપી થતી પ્રગતિની જાણ રોજે રોજ સાંજના પાંચ વાગ્યા સુધીમા અચૂક અત્રે Email-ID: <u>tuact-labour@gujarat.gov.in</u> ઉપર કરવા તમામ નાયબ શ્રમ આયુક્તશ્રીઓને તથા સંબંધિત ક્ષેત્રીય અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે. રાજ્યના તમામ ક્ષેત્રીય અધિકારીઓને તથા આ કચેરીના સંબધિત અધિકારીઓ/કર્મચારીઓને આ પરિપત્રની સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવા ભારપૂર્વક જણાવવામાં આવે છે. જેમાં કસૂર થયે તે અંગે ઉભી થતી જવાબદારી જે તે અધિકારી/કર્મચારીની સંપૂર્ણ અને અંગત રહેશે, જેની નોંધ લેવા તથા પરિપત્ર મળ્યાની પહોંચ પાઠવવા જણાવવામાં આવે છે.

બિડાણ :- ઉપર મુજબ

શ્રમ આયુક્ત
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) અધિક શ્રમ આયુક્તશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૨) નાયબ શ્રમ આયુક્તશ્રી, ગાંધીનગર

(૩) નાયબ શ્રમ આયુક્તશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ તરફ.

ઉપરોક્ત બાબતની માહિતી તેઓના કાર્ય વિસ્તારના અધિકારીઓ પાસેથી મેળવી અને સંપૂર્ણ ચકાસણી કરી તેને

Signature valid
Signed by:Anupam Anand
Commissioner of Labour
Date: 2023.10.19
14:46:26 +05:30

સંકલિત નિયત પત્રકમાં મોકલી આપવાની સૂચના સહ સદરહુ કામગીરી શ્રમયોગીઓના ઔદ્યોગિક શાંતિ તથા માલિકો શ્રમયોગી વચ્ચેના સુમેળ ભર્યા સંબંધોના હિતમાં ખૂબજ અગત્યની હોઇ, માહિતી આ કચેરીને સંતોષકારક રીતે આપવામાં ન આવે ત્યાં સુધી સંબંધિતોને કામગીરીનું સ્થળ નહીં છોડવા જણાવવાનો જરૂરી પ્રબંધ કરવા જણાવવામાં આવે છે. આથી આ કચેરીને આપના દ્વારા મોકલવામાં આવેલ સંકલિત કરેલી માહિતી જ ધ્યાનમાં લેવામાં આવશે.

(૪) મદદનીશ શ્રમ આયુકતશ્રી,તમામ........

(૫) સરકારી શ્રમ અધિકારીશ્રી, તમામ........

(૬) મદદનીશ શ્રમ આયુકતશ્રી અને શાખા અધિકારીશ્રી, શાખા-૯, તરફ જરૂરી કાર્યવાહી સારૂ.

(૭) શાખા-૭, તમામ કર્મચારી સદરહુ કામગીરી રોજે રોજ સંતોષકારક રીતે પૂરી કરવાની બાબતે તમામ આનુષંગિક કાર્યવાહી કરીને રોજે રોજ અને કામગીરી સંપૂર્ણ રીતે પૂરી થાય ત્યાં સુધી હાજર રહી સંઘભાવનાથી કામ કરવાની ભારપૂર્વકની સૂચના સાથે.

(૮) સિલેકટ ફાઇલ.

Signature valid
Signed by:Anupam Anand
Commissioner of Labour
Date: 2023.10.19
14:46:26 +05:30